# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-10-2024 બપોરે : 1.20થી 1.30

વાર : ગુરુવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

1) નવી દિલ્હીમાં અભિધમ્મ દિવસ સમારોહમાં પ્રધાનમંત્રીએ કહ્યું, 'ભાષા, સાહિત્ય, કળા અને આધ્યાત્મિકતા જેવા સાંસ્કૃતિક સ્તંભો દેશની ઓળખ બનાવે છે.'

2) સર્વોચ્ચ અદાલતે આસામમાં ગેરકાયદે પ્રવાસીઓને ભારતીય નાગરિકત્વ આપવા સંબંધિત નાગરિકતા અધિનિયમની ધારા – 6 એ ની બંધારણીય માન્યતાને યથાવત્ રાખી

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ દિવસના પ્રવાસ માટે મલાવી પહોંચ્યાં

4) નાયબ સિંહ સૈની થોડીક ક્ષણોમાં હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.

5) હવામાન વિભાગે આજે દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, કેરળ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

6) બેંગ્લોરમાં ભારત - ન્યૂ ઝીલેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણીની પહેલી મેચ રમાઇ રહી છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***REV PM ABHIDHAMMA***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભાષા, સાહિત્ય, કળા અને આધ્યાત્મિકતા જેવા સાંસ્કૃતિક સ્તંભો દેશની ઓળખ બનાવે છે. તેમણે કહ્યું, જ્યારે દેશ વિકાસની રાહે આગળ વધે છે. નવી દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ ભગવાન બુદ્ધના ઉપદેશ અંગે ધ્યાન દોર્યું હતું.

શ્રી મોદીએ કહ્યું, ‘ભારતે અમૃતકાળ તરીકે ઓળખાતી પરિવર્તન યાત્રા શરૂ કરી છે, જે વર્ષ 2047માં પૂર્ણ થશે. આ સમયગાળો વિકસિત ભારતના ઉદ્ભવનો સાક્ષી બનશે. ભગવાન બુદ્ધના જ્ઞાન દ્વારા સંચાલિત દેશનો વિકાસ રોડમેપ એ અભૂતપૂર્વ અને સકારાત્મક ફેરફારો લાવશે. ભગવાન બુદ્ધના ઉપદેશોને અનુસરીને દેશ વિકાસનો નવો માર્ગ અપનાવી રહ્યો છે.’

પ્રધાનમંત્રીએ દેશના યુવાનોને વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં વિશ્વનું નેતૃત્વ કરતી વખતા પોતાની સંસ્કૃતિ અને મૂલ્યો પર ગૌરવ લેવા આહ્વાન કર્યું હતું. તાજેતરમાં જ સરકારે પાલી ભાષાને શાસ્ત્રીય ભાષા તરીકેનો દરજ્જો આપ્યો તે અંગે શ્રી મોદીએ કહ્યું, ‘ભાષાઓ માત્ર સંવાદનું માધ્યમ જ નહીં, પરંતુ સંસ્કૃતિ અને સભ્યતાની આત્મા છે.’

(બાઈટ -પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

## *SC CITIZENSHIP ASSAM*

સર્વોચ્ચ અદાલતે ચાર-એકની બહુમતીના નિર્ણયમાં આસામમાં ગેરકાયદે પ્રવાસીઓને ભારતીય નાગરિકત્વ આપવા સંબંધિત નાગરિકતા અધિનિયમની ધારા – 6 એની બંધારણીય માન્યતાને યથાવત્ રાખી છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પાંચ ન્યાયાધીશોની પીઠે કહ્યું કે, ‘આસામ સમજૂતી ગેરકાયદેસર શરણાર્થીઓની સમસ્યાનો

**રાજકીય ઉકેલ છે.' ન્યાયાધીશ સૂર્ય કાન્ત, એમ. એમ. સુંદરેશ અને મનોજ મિશ્રાએ પોતાના ચુકાદામાં કહ્યું કે, 'સંસદ પાસે આ જોગવાઈને લાગુ કરવાની કાયદાકીય ક્ષમતા હતી.'**

## *PRESIDENT VISIT*

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે 3 દિવસના પ્રવાસે મલાવી પહોંચ્યાં છે. ત્યાં તેઓ મલાવીના નેતૃત્વ સાથે દ્વિપક્ષીય બેઠક યોજશે અને ભારતીય સમુદાયને પણ મળશે.**

**રાષ્ટ્રપતિ ગઈકાલે મોરિટાનિયાના રાષ્ટ્રપતિ મોહમ્મદ ઓલ્દ ગજુઆની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. રાષ્ટ્રપતિ મુર્મુએ પ્રતિનિધિમંડળ સ્તરની ચર્ચામાં પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા ચાર સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.**

## *NITI-GADKARI METHANOL*

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે ભારતમાં 22 લાખ કરોડ રૂપિયાના કદ સાથે અને લગભગ તમામ વૈશ્વિક ઓટો કંપનીઓની હાજરી સાથે વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઓટોમોબાઈલ ઉદ્યોગ છે. નીતિ આયોગ દ્વારા આયોજિત નવી દિલ્હીમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય મિથેનોલ પરિષદનું ઉદ્ઘાટન પ્રસંગે શ્રી ગડકરીએ આમ જણાવ્યું હતું.

શ્રી ગડકરીએ કહ્યું કે સરકાર અલ્ટ્રા-એન્ફોર્સમેન્ટ કોંક્રીટના ઉપયોગથી બ્રિજ અને મેટ્રોના નિર્માણની કિંમતમાં 25 ટકા ઘટાડો કરવા માટે કામ કરી રહી છે. બાયોડીઝલ અને વૈકલ્પિક ઇંધણની નિકાસ કરવાની વિશાળ સંભાવના છે. મંત્રીએ વધુમાં જણાવ્યું

હતું કે દેશમાં લગભગ 1 કરોડ 50 લાખ યુવાનોને રોજગાર આપવા માટે ઉદ્યોગ જવાબદાર છે.

## *HARYANA-SWEARING-IN*

ભારતીય જનતા પાર્ટીના નેતા નાયબ સિંહ સૈની આજે સતત બીજી વખત હરિયાણાના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. પંચકુલાના શાલીમાર ગ્રાઉન્ડમાં શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થતિ રહેશે. અગાઉ ગઈકાલે, શ્રી સૈની રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયને મળ્યા હતા અને ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયા બાદ રાજ્યમાં સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

દરમ્યાન શ્રી સૈનીએ કહ્યું છે કે રાજ્યમાં 24 હજાર સરકારી નોકરીઓ માટે આયોજિત ભરતી પરીક્ષાના પરિણામ આજે જાહેર કરવામાં આવશે. તેમણે કહ્યું કે હરિયાણા જાહેર સેવા આયોગ અને હરિયાણા સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા પસંદ કરાયેલા આ ઉમેદવારોને ચારિત્ર્ય ચકાસણી અને મેડિકલ સર્ટિફિકેટ રજૂ કરવા માટે વધારાનો સમય આપવામાં આવી રહ્યો છે.

## *NDA CMs CONCLAVE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ચંડીગઢમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન-NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની પરિષદની અધ્યક્ષતા કરશે.

આ બેઠકમાં ભાજપા અધ્યક્ષ જેપી નડ્ડા, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહ પણ ઉપસ્થિત રહેશે. ભારતીય જનતા પાર્ટીએ એક નિવેદનમાં

જણાવ્યું  છે કે આ સંમેલન હરિયાણાના મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહ બાદ તરત જ શરૂ થશે.

સંમેલનમાં રાષ્ટ્રીય વિકાસના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ પ્રસંગે બંધારણના અમૃત મહોત્સવના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવશે. હાલમાં દેશમાં 13 મુખ્યમંત્રીઓ અને 16 નાયબ મુખ્યમંત્રીઓ ભાજપાના છે, જ્યારે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બિહાર, સિક્કિમ, નાગાલેન્ડ અને મેઘાલયના મુખ્યમંત્રીઓ પક્ષના સહયોગી પક્ષોમાંથી છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આજે દક્ષિણ કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, દક્ષિણ આંધ્રપ્રદેશ, રાયલસીમા, કેરળ, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આજે બપોર સુધી દક્ષિણ-પશ્ચિમ અને તેને અડીને આવેલા પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડી, તમિલનાડુ, પુડુચેરી અને દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે દરિયો તોફાની રહેશે. માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે અને જે લોકો દરિયામાં ગયા હતા તેમને પાછા ફરવાની સલાહ આપવામાં આવી છે.

# *TEST CRICKET*

ભારત અને ન્યૂ ઝિલેન્ડ વચ્ચેની પહેલી ટેસ્ટ મેચ હાલમાં બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. ભારત પહેલી બેટિંગ કરી રહ્યું છે. ભારત 31.2 ઓવરમાં માત્ર 46 રન કરીને ઓલ આઉટ થઇ ગયું હતું. ભારત તરફથી ઑપનિંગ કરવા આવેલા યશસ્વી જયસ્વાલ માત્ર 13 અને સુકાની રોહિત શર્મા માત્ર 2 રન બનાવીને આઉટ થઈ ગયા હતા. જ્યારે વિરાટ કોહલી, સરફરાઝ ખાન, કે. એલ. રાહુલ, રવિન્દ્ર જાડેજા, રવિચન્દ્રન અશ્વિન એક પણ રન ન બનાવી શક્યા.

ન્યૂ ઝિલેન્ડ તરફથી મેટ હેનરીએ ચાર, વિલિયમ ઓરૂર્કેએ ત્રણ અને ટીમ સાઉથીએ એક વિકેટ ઝડપી હતી.

# *SINDHU-DENMARK OPEN*

**બેડમિન્ટનમાં, ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પીવી સિંધુ આજે ડેનમાર્ક ઓપનમાં મહિલા સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ચીનનાં હાન યુ સામે રમશે. મેચ ભારતીય સમય પ્રમાણે બપોરે 1:50 મિનિટે શરૂ થશે. સિંધુ નવા કોચ અનુપ શ્રીધર અને કોરિયાના લી હ્યુન-ઇલના માર્ગદર્શન હેઠળ રમી રહ્યાં છે. સ્પર્ધામાં ભારતીય શટલર પડકારજનક સિઝન બાદ પોતાનું ફોર્મ પાછું મેળવવા અને ટાઇટલ જીતવાનાં લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે.**

# *KAZIRANGA- BUTTERFLY*

**આસામનું કાઝીરંગા રાષ્ટ્રીય પાર્ક સૌથી વધુ સંખ્યામાં પતંગિયાઓ સાથે દેશનું બીજું મોટું ઉદ્યાન બની ગયું છે. અહીં પતંગિયાઓની 446થી વધુ પ્રજાતિઓ છે.**

અરુણાચલ પ્રદેશનું નામદફા રાષ્ટ્રીય ઉદ્યાન સૌથી વધુ સંખ્યામાં પતંગિયા સાથે પ્રથમ ક્રમે છે. કાઝીરંગાનો આ વિક્રમ કાઝીરંગાનાં વતની અને યુવા વૈજ્ઞાનિક મોનસૂન જ્યોતિ ગોગોઈની વર્ષોની મહેનત અને સંભાળને કારણે બન્યો છે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયાના સંદેશમાં શ્રી ગોગોઈને તેમના નોંધપાત્ર યોગદાન બદલ શુભેચ્છા પાઠવી હતી.

## *MURUGAN-IMC*

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ મુરુગને કહ્યું કે લોકોને સાચી માહિતી અને ગુણવત્તાયુક્ત સામગ્રી આપવાની બ્રોડકાસ્ટર્સની મોટી જવાબદારી છે. આજે નવી દિલ્હીમાં ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ ખાતે યોજાયેલા બ્રોડકાસ્ટિંગ સેક્ટરમાં ઇમર્જિંગ ટ્રેન્ડ્સ અને ટેક્નોલોજી અંગેના પરિસંવાદને સંબોધતા ડૉ. મુરુગને પ્રસારણની પરિવર્તનશીલ શક્તિ અને ભવિષ્ય માટે નવી ટેકનીકને અપનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો કે કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં 234 નવા શહેરોમાં 730 નવી ખાનગી રેડિયો ચેનલોની સ્થાપનાને મંજૂરી આપી છે.

માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુએ પ્રસારણ ક્ષેત્રમાં નિયમનકારી નવીનતાની મહત્વપૂર્ણ ભૂમિકા અને ઉભરતી તકનીકીઓથી આગળ રહેવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે પ્રસાર ભારતીની ડાયરેક્ટ ટુ મોબાઈલ - D2M બ્રોડકાસ્ટિંગ પહેલનો પણ ઉલ્લેખ કર્યો, જે સક્રિય ઈન્ટરનેટ કનેક્શન વિના મોબાઈલ ઉપકરણો પર સામગ્રી અથવા લાઈવ ટીવીને પ્રસારિત કરવામાં સક્ષમ બનાવશે.

## *ISSF WORLD CUL FINAL*

વિશ્વ આંતરરાષ્ટ્રીય નિશાનેબાજ રમતગમત સંઘ એટલે કે, I.S.S.F. નિશાનેબાજીની વિશ્વકપ ફાઈનલમાં ગનેમત સેખોં આજે સવારે નવી દિલ્હીમાં મહિલાઓની સ્કીટની ફાઈનલ સ્પર્ધામાં છઠ્ઠા ક્રમાંક પર રહ્યાં છે. પહેલા તેઓ બીજા ક્રમાંક પર હતા, પરંતુ સતત 2 શૉટ ચૂકી જવાના કારણે ચંદ્રકની સ્પર્ધાથી બહાર થઈ ગયાં હતાં. ક્વાલિફિકેશન રાઉન્ડમાં સેખોંએ ગઈકાલે 125માંથી 122 નિશાન લગાવીને રાષ્ટ્રીય વિક્રમ બનાવ્યો હતો.

અન્ય મુખ્ય સ્પર્ધાઓમાં અમનજીત સિંહ અને મૈરાજ ખાન પુરૂષોની સ્કીટ ફાઈનલ સ્પર્ધામાં નિશાન લગાવશે. જ્યારે વિવાન કપૂર પુરૂષોની ટ્રેપ ફાઈનલમાં બપોરે 2 વાગ્યે નિશાન સાધશે. આ પહેલા અખિલ શ્યોરાણે ગઈકાલે પુરૂષોના ત્રીજા સ્થાન માટેની 50 મીટર રાઈફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. આ સાથે જ ચાલી રહેલી વિશ્વકપ સ્પર્ધામાં ભારતનો આ બીજો ચંદ્રક છે.

## *SAFF-FOOTBALL*

SAFF મહિલા ફૂટબોલ ચેમ્પિયનશિપ-2024માં ભારત આજે તેની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ નેપાળના કાઠમંડુમાં ભારતીય સમય મુજબ સાંજે સવા પાંચ વાગ્યે શરૂ થશે.

ભારત વર્તમાન ચેમ્પિયન બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથે ગ્રુપ Aમાં છે જ્યારે ગ્રુપ Bમાં યજમાન નેપાળ, ભૂતાન, માલદીવ્સ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. તમામ મેચ કાઠમંડુના દશરથ રંગશાલા સ્ટેડિયમમાં રમાશે. ફાઇનલ મેચ આ મહિનાની 30મીએ યોજાશે.

## *ASSAM KATI BIHU*

આસામમાં આજે પાકના તહેવાર કાટી બિહૂ ઉજવવામાં આવી રહ્યું છે. આ રાજ્યના ત્રી બિહૂ તહેવારોમાંથી એક છે અને સારા પાક તેમજ ખેતીની સમૃદ્ધિ માટે ઉજવાય છે.